

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 068
Dt.: 11-01-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa

### ચીન-બાંગ્લાદેશ પર રહેશે નજર

## વિશ્વમાં ઉથલ પાથલ વચ્ચે બંગાળની ખાડીમાં દબદબો વધારશે ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા કેટલાક વર્ષથી ભારતને તેના પાડોશીઓ સાથે સંબંધ ઘટ્યાં છે. જેમાં પાકિસ્તાન સાથે તો તણાવ વર્ષો જૂનો છે. જ્યારે ચીન અને બાંગ્લાદેશ જેવા દેશમાં પણ સંબંધ વધુ ખરાબ થઈ રહ્યા છે. તેવામાં કોઈપણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવા માટે ભારતીય સેના અને નૌસેના પૂરી રીતે તૈયાર રહે છે. આમ, વિશ્વમાં ભારે ઉથલપાથલ વચ્ચે બંગાળની ખાડીમાં ભારત દબદબો વધારશે. જેમાં ઈન્ડિયન નેવી બંગાળના હલ્દિયામાં બંગાળની ખાડીમાં નવો બેઝ તૈયાર કરવા જઈ રહી છે, જેનાથી ચીન અને બાંગ્લાદેશ માટે આફત ઉભી થઈ છે. ત્યારે ચીન-બાંગ્લાદેશની તેના પર નજર રહેશે.

બંગાળની ખાડીમાં તૈયાર થનારા નેવી બેઝ પર યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવશે. આ બેઝ દ્વારા ભારત કોઈપણ સમયે ચીન અને બાંગ્લાદેશની હરકતોનો ઝડબાતોડ જવાબ આપી શકશે. આનાથી નૌસેનાની તાકાતમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. મળતી માહિતી મુજબે, હલ્દિયા ડૉક કોમ્પ્લેકસનો ઉપયોગ શરૂઆતમાં નેવી બેઝ તરીકે કરવામાં આવશે. ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ અને નવા ૩૦૦-ટન વોટર જેટ ફાસ્ટ એટેક ક્રાફ્ટને અહીં તૈનાત કરવામાં આવશે. આ હાઈ-સ્પીડ એટેક ક્રાફ્ટ છે, જે પ્રતિ કલાક ૪૦-૪૫ કલાક પ્રતિ નોટિકલ માઈલની ઝડપે દોડવા સક્ષમ છે. તેનો ઉપયોગ દુશ્મન દળો દ્વારા અચાનક દરિયાઈ પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે થઈ શકે છે. આ બેઝ પર ઈન્ડિયન નેવી ઉચ્ચ અધિકારીઓને તૈનાત કરશે. જેમાં નાવિક સહિત ૧૦૦ અધિકારી તૈનાત કરાશે, પરંતુ આના પર તમામ સુવિધા મોર્ડન થશે. જે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાથી લગભગ ૧૦૦ કિલોમીટરના અંતરે બનાવવામાં આવશે. હાલના ધોરણે દેશભરમાં અનેક જગ્યાએ ઈન્ડિયન નેવીના બેઝ છે. જેમાં મુખ્ય બેઝ મુંબઈ, ગોવા, કારવાર, કોચ્ચિ, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ, કોલેકાતા અને પોર્ટ બ્લેયરમાં છે. ભારત સાથે બગડતા સંબંધો વચ્ચે, ચીન અને બાંગ્લાદેશ નજીક આવી રહ્યા છે. ચીને બાંગ્લાદેશ નૌસેનાને બે સબમરીન પણ આપી છે અને ચટગામ નજીક એક બેઝ બનાવી રહ્યું છે. આ સબમરીનનું નામ પહેલા મ્દજી શેખ હસીના હતું, પરંતુ હવે તેનું નામ બદલી નાખ્યું છે. બંગાળના હલ્દિયામાં આ નવું બેઝ ચીન અને બાંગ્લાદેશ સામે ભારતની દરિયાઈ દેખરેખ અને દરિયાકાંઠાની સુરક્ષા ક્ષમતાઓમાં વધારો કરશે.



### હવે ૧૪ જાન્યુઆરીએ ચુકાદો આવવાની શક્યતા

## ટ્રમ્પની ટેરિફની કાયદેસરતા અંગે US સુપ્રીમ કોર્ટના ચુકાદામાં વિલંબ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વભરના દેશો પર લાદેલી ટેરિફની કાયદેસરતા અંગે યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદામાં વિલંબ થયો છે. અમેરિકાની સર્વોચ્ચ અદાલત આ હાઈ પ્રોફાઈલ કેસમાં શુક્રવારે ચુકાદો આપવાની હતી, પરંતુ હવે ૧૪ જાન્યુઆરીએ ચુકાદો આપે તેવી શક્યતા છે. આ ચુકાદાથી અમેરિકાના અર્થતંત્ર ઉપરાંત વિશ્વભરના દેશોને અસર થશે.ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમર્જન્સી પાવર એક્ટ , ૧૯૭૭ હેઠળની પ્રેસિડન્ટની સત્તાનો ઉપયોગ કરીને ઘણા દેશો પર ટેરિફ લાદી છે.

નેશનલ ઈમર્જન્સીના બહાને ટ્રમ્પને આવી ટેરિફ લાદવાની સત્તા છે કે નહીં તેની કોર્ટમાં ચકાસણી થશે. ટ્રમ્પે સતત વેપાર ખાધને ટાંકીને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરીને અમેરિકાના લગભગ દરેક વેપાર ભાગીદાર દેશો પર ટેરિફ લાદેલી છે. તેમણે આ જ કાયદાનો ઉપયોગ કરીને ચીન, કેનેડા અને મેક્સિકો પર પણ ડ્યૂટી લાદી છે. જોકે તે માટે ફેન્ટાનાઈલની હેરાફેરી અને દેશમાં ગેરકાયદેસર ડ્રગ્સના સપ્લાયનું કારણ આપ્યું છે.અગાઉ ૫ નવેમ્બરે થયેલી સુનાવણીમાં ન્યાયાધીશોએ આ કાયદાને વ્યાપક વેપાર નીતિ માટે લાગુ કરી શકાય કે નહીં તે અંગે આશંકા વ્યક્ત કરી હતી. તેનાથી ટેરિફની ટેરિફની કાયદેસરતા અંગે સવાલો ઉભા થયા છે. નીચલી અદાલતોએ પહેલાથી જ ચુકાદો આપ્યો હતો કે ટ્રમ્પ વહીવટીતંત્રે સત્તાની ઉપરવટ જઈને ટેરિફ લાદી છે. નીચલી અદાલતોના ચુકાદા સામે સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.ટ્રમ્પે ટેરિફનો બચાવ કરીને દલીલ કરી છે કે તેનાથી યુએસ અર્થતંત્ર મજબૂત થયું છે. આની સાથે ટ્રમ્પે ચેતવણી પણ આપી છે કે તેમની ટેરિફ રદ કરવામાં આવશે તો અમેરિકાને મોટો ફટકો પડશે. શુક્રવારે સુપ્રીમ કોર્ટે કોઈ નિર્ણય જાહેર ન કરતાં ટેરિફને લગતી કાનૂની અનિશ્ચિતતા હાલ પૂરતી ચાલુ રહી છે.

### ડૉક્ટરનો ચોંકાવનારો દાવો

## ‘ઈરાનના તહેરાનમાં અંધાધૂંધ ગોળીબારમાં ૨૧૭ દેખાવકારોના મોત

### આ વિરોધ પ્રદર્શનો ૨૮ ડિસેમ્બરથી આર્થિક સંકટ સામે શરૂ થયા હતા, પરંતુ હવે તે ઈરાનના તમામ ૩૧ પ્રાંતોમાં ફેલાઈ ચૂક્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોએ હવે વિકરાળ રૂપ ધારણ કરી લીધું છે. ઈરાની સરકારના નિર્દેશ પર સુરક્ષાદળો દ્વારા ઘણી જગ્યાએ ગોળીબાર કરવામાં આવી રહ્યો હોવાની વાતો સામે આવી રહી છે. ટાઈમ મેગેઝિન સાથેની વાતચીતમાં, એક ઈરાની ડોક્ટરે પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે દાવો કર્યો છે કે માત્ર રાજધાની તેહરાનની છ હોસ્પિટલોમાં જ ઓછામાં ઓછા ૨૧૭ પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગના ગોળીબારમાં માર્યા ગયા છે. જોકે, ટાઈમ મેગેઝિને આ આંકડાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી નથી.જો આ મૃત્યુઆંક સાચો હોય તો, તે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનોના ભયાનક દમન તરફ ઈશારો કરે છે.

આ વિરોધ પ્રદર્શનો ૨૮ ડિસેમ્બરથી આર્થિક સંકટ સામે શરૂ થયા હતા, પરંતુ હવે તે ઈરાનના તમામ ૩૧ પ્રાંતોમાં ફેલાઈ ચૂક્યા છે અને ઈસ્લામિક શાસનને ઉખાડી ફેંકવાની માંગ કરી રહ્યા છે.



પ્રદર્શનકારીઓ ‘આઝાદી’ અને ‘તાનાશાહ મુર્દાબાદ’ જેવા નારા લગાવી રહ્યા છે.

ઈરાની ડોક્ટરે દાવો કર્યો કે, “જેમ-જેમ પ્રદર્શનો તીવ્ર બન્યા, ઘણા વિસ્તારોમાં સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર સીધી ગોળીઓ ચલાવી. શુક્રવારે હોસ્પિટલોમાંથી મૃતદેહોને હટાવવામાં આવ્યા. મરનારાઓમાં મોટાભાગના યુવાનો હતા. ઉત્તરી તેહરાનના એક પોલીસ સ્ટેશનની બહાર મશીનગનથી થયેલા ફાયરિંગમાં ઘણા પ્રદર્શનકારીઓ ઘટનાસ્થળે જ માર્યા ગયા.” આ દરમિયાન, ઈરાની પ્રદર્શનકારીઓએ તેહરાનની અલ-રસૂલ મસ્જિદમાં આગ લગાવી દીધી હોવાના પણ અહેવાલ છે.આ વિરોધ પ્રદર્શનો વચ્ચે ઈરાની નેતૃત્વએ કડક સંદેશ આપ્યા છે. સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામૈનીએ કહ્યું છે કે ‘ઈસ્લામિક રિપબ્લિક તોફાનીઓ સામે નહીં ઝૂકે’. તેહરાનના સરકારી વકીલે ચેતવણી આપી છે કે પ્રદર્શનકારીઓને મોતની સજા સુધી આપવામાં આવી શકે છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના એક અધિકારીએ તો માતા-પિતાને પોતાના બાળકોને પ્રદર્શનોથી દૂર રાખવા, નહીંતર ગોળી વાગવા પર ફરિયાદ ન કરવાની પણ ધમકી આપી છે.માનવાધિકાર સંગઠનોએ મૃત્યુઆંક ડોક્ટરના દાવા કરતાં ઓછો જણાવ્યો છે.

વોશિંગ્ટન સ્થિત હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ ન્યૂઝ એજન્સી અનુસાર, અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૬૩ લોકોના મોત થયા છે, જેમાં ૪૯ નાગરિકોનો સમાવેશ થાય છે. જોકે, ઈરાનમાં મીડિયા પર સરકારી નિયંત્રણ અને વિદેશી સમાચાર એજન્સીઓ પર કડક પ્રતિબંધોને કારણે મૃત્યુના આંકડાઓમાં ભિન્નતા જોવા મળી રહી છે. બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખામૈનીના નેતૃત્વવાળા ઈસ્લામિક શાસનને ચેતવણી આપી છે કે જો પ્રદર્શનકારીઓની હત્યા થઈ તો પરિણામ ખૂબ જ ખરાબ આવશે.

### વેનેઝુએલાના ક્રૂડ પર અંકુશ મેળવવા પાંચમા ટેન્કર સામે કાર્યવાહી

## અમેરિકાએ કેરેબિયન સમુદ્રમાં વધુ એક ઓઈલ ટેન્કર જપ્ત કર્યું

### અમેરિકાએ મિલિટરી ઓપરેશન હાથ ધરીને વેનેઝુએલામાંથી પ્રેસિડન્ટ નિકોલસ માદુરોને સત્તા પરથી હટાવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના લશ્કરી દળોએ શુક્રવારે કેરેબિયન સમુદ્રમાં વધુ એક ઓઈલ ટેન્કર જપ્ત કર્યું હતું. આની સાથે વેનેઝુએલામાં અવરજવર કરતાં પાંચમાં પ્રતિબંધિત ઓઈલ ટેન્કર સામે અમેરિકાએ કાર્યવાહી કરી છે.ઓલિના નામના ટેન્કરને જપ્ત કરવાની જાહેરાત કરતા યુએસ સધર્ન કમાન્ડે જણાવ્યું હતું કે ગુનેગારો માટે કોઈ સુરક્ષિત જગ્યા નથી.

અમેરિકાના વિમાનવાહક જહાજ યુએસએસ ગેરાલ્ડ આર ફોર્ડમાંથી મરીન અને નૌકાદળના સૈનિકોએ આ ટેન્કર સામે કાર્યવાહી કરી હતી અને તે પછી કોસ્ટ ગાર્ડે ટેન્કરનો કબજો કર્યો હતો.સધર્ન કમાન્ડ અને હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમ બંનેએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં યુ.એસ. હેલિકોપ્ટર જહાજ પર ઉતરતું તથા યુએસ સેનિકો ડેક પર તપાસ કરતા હોવાનું દેખાય છે. નોએમે જણાવ્યું હતું કે આ જહાજ વધુ એક ભૂતિયું જહાજ હતું અને ક્રૂડ ઓઈલનું વહન કરતું હતું. તે યુએસ દળોથી બચવાનો પ્રયાસ કરીને વેનેઝુએલાથી રવાના થયું હતું.અમેરિકાએ મિલિટરી ઓપરેશન હાથ ધરીને વેનેઝુએલામાંથી પ્રેસિડન્ટ નિકોલસ માદુરોને સત્તા પરથી હટાવ્યા છે. આ પછી અમેરિકા વેનેઝુએલાની ઓઈલ પ્રોડક્ટ્સ પર પોતાનું નિયંત્રણ ઊભુ કરવા માગે છે.

આવા પ્રયાસોના ભાગરૂપે અમેરિકાએ આ પાંચમું ઓઈલ ટેન્કર જપ્ત કર્યું છે.યુએસ સરકારના રેકોર્ડ મુજબ ઓલિનાનું મૂળ નામ મિનર્વા એમ હતું અને તેના પર રશિયન ક્રૂડની હેરફર પર પ્રતિબંધ મૂકાયો હતો, તેથી નામ બદલી ઓલિના કર્યું હતું. ઓલિના હવે તિમોર-લેસ્ટેના ધ્વજનો ઉપયોગ કરે છે.ગ્રીનલેન્ડમાં USની લશ્કરી કાર્યવાહીની શકયતાને ઈટાલીનાં પીએમ મેલોનીએ ફગાવીઈટાલીને વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ પર કબજો કરવાના અમેરિકાના પ્રયાસોને ઈટાલી ટેકો આપશે નહીં. ગ્રીનલેન્ડમાં લશ્કરી કાર્યવાહીનો ઉપયોગ કોઈના હિતમાં નહીં હોય અને નાટો માટે તેના ગંભીર પરિણામો આવશે. જોકે તેમણે જણાવ્યું હતું કે અમેરિકા લશ્કરી બળનો ઉપયોગ કરે તેવું તેમને લાગતું નથી. અમેરિકાને આ વ્યૂહાત્મક ક્ષેત્રમાં વિદેશી દખલગીરીની ચિંતા છે અને નાટોએ અમેરિકાની ચિંતાને દૂર કરવા માટે આર્કટિક પ્રદેશમાં તેની હાજરીને મજબૂત બનાવવી જોઈએ.

### પાયલટ સહિત છ લોકો હતા સવાર

## ઓડિશાના રાઉરકેલામાં વિમાન ક્રેશ, સદનસીબે બધા યાત્રી સુરક્ષિત

(સંપૂર્ણ સમાચાર સેવા)ભુવનેશ્વર

ઓડિશાના રાઉરકેલા હેલીપેડથી લગભગ નવ કિલોમીટર દૂર એક નાના વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ઉડાન દરમિયાન ટેક્નિકલ ખરાબીને કારણે વિમાનનું લેન્ડિંગ કરવામાં આવ્યું છે. પાયલટને ઈજા પહોંચી છે અને તેને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો છે. કુલ છ લોકો ઘાયલ થયા છે. તત્કાલ બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેનાથી બધાને સમય રહેતા સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા. અધિકારીઓ ઘટનાની તપાસ કરી રહ્યાં છે.

ભુવનેશ્વરથી રાઉરકેલા જઈ રહેલું ૯ સીટવાળું આ વિમાન કથિત રીતે ટેક-ઓફના લગભગ ૧૦ કિલોમીટર બાદ દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. વિમાન બપોરે ૧.૧૫ કલાકે રાઉરકેલામાં લેન્ડ કરવાનું હતું, પરંતુ વિમાને ઈમરજન્સી

### ઓડિશાના રાઉરકેલામાં ઈમરજન્સી લેન્ડિંગ કરાયું




લેન્ડિંગ કરવું પડ્યું હતું. વિમાનમાં ચાર યાત્રી અને બે ક્રૂ મેમ્બર સવાર હતા. જેમાં કેપ્ટન નવીન કડંગા અને કેપ્ટન તરૂણ શ્રીવાસ્તવ સામેલ છે. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે આ ઘટનામાં છ લોકોને ઈજા થઈ છે. બધાને સુરક્ષિત કાઢવામાં આવ્યા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ક્રેશ થયા બાદ બચાવ અભિયાનમાં ત્રણ ફાયરની ટીમ લાગી હતી. જ્યારે દુર્ઘટનાની જાણકારી મળી તો તત્કાલ બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. સ્થાનીક લોકો અને પોલીસે પણ બચાવ અભિયાનમાં મદદ કરી. આ કારણ છે કે લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે વધુ નીચે પાસે આવતા પહેલા વિમાને ઈમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કર્યો. આ કારણ છે કે લોકો ડરી ગયા. પ્લેન વધુ નીચે આવી ગયું. લોકો પ્રમાણે આટલું નીચું પ્લાન ક્યારેય જોયું નથી. થોડી વારમાં આ પ્લેન ક્રેશ થઈ ગયું હતું.

## અયોધ્યા રામ મંદિરમાં સુરક્ષામાં મોટી ચૂક: પરિસરમાં નમાઝ પઢતા એક યુવકને પોલીસે દબોચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓયધ્યા

અયોધ્યાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં રામ મંદિર પરિસરમાં નમાઝ પઢવાનો પ્રયાસ કરતા એક યુવકની સુરક્ષા દળોએ અટકાયત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવકે રામ મંદિર પરિસરના નમાઝ પઢવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષાકર્મીઓ અને પોલીસ દ્વારા જ્યારે યુવકને અટકાવવામાં આવ્યો, ત્યારે તેણે નારેબાજી શરૂ કરી દીધી હતી, જે બાદ ઘટનાસ્થળે હાજર સુરક્ષા દળોએ તેની તાત્કાલિક અટકાયત કરી હતી.

આ ઘટનાની માહિતી મળતાં જ ગુપ્તચર એજન્સીઓ, સ્થાનિક પોલીસ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ સક્રિય થઈ ગયા છે. યુવકની પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેના ઈરાદા તથા પૃષ્ઠભૂમિની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. જોકે, આ મામલે હજુ સુધી કોઈ અધિકારીનું સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. તો રામ મંદિર ટ્રસ્ટે પણ આ મામલે કોઈ નિવેદન આપ્યું નથી.

નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3048

TATA PLAY
CHENNAL NO.
2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## મનરેગામાં ભ્રષ્ટાચાર, ગરીબોને રોજગાર આપવાના નામે લૂંટ

ગ્રામીણ વિકાસ મંત્રાલયના આંતરિક ઓડિટને કારણે મનરેગામાં ભ્રષ્ટાચારના જે કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે તે ચોંકાવનારા છે. ચાલુ નાણાકીય વર્ષમાં, દેશભરના ફક્ત ૫૫ જિલ્લાઓમાં હાથ ધરાયેલા ઓડિટમાં ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની ઉચાપત સાથે સંકળાયેલા ૧.૧ મિલિયનથી વધુ નાણાકીય ગેરરીતિઓના કેસ બહાર આવ્યા છે. કોઈ ફક્ત કલ્પના કરી શકે છે કે જો આઠ મહિનામાં ફક્ત ૫૫ જિલ્લાઓમાં મનરેગા હેઠળ કરવામાં આવેલા કામમાં આટલી બધી ગેરરીતિઓ મળી આવે, તો દેશભરના ૭૦૦ થી વધુ જિલ્લાઓમાં પરિસ્થિતિ શું હોત?

એ સ્પષ્ટ છે કે રોજગાર આપવાના નામે ગરીબોને લૂંટવામાં આવી રહ્યા હતા, અને તેને રોકવા માટે કોઈ નહોતું. જે રીતે જાહેર થયું કે કોન્ટ્રાક્ટરોથી લઈને અધિકારીઓ અને બેંક મેનેજરો સુધી દરેક વ્યક્તિ જાહેર કલ્યાણના નામે ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હતા તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકારી ભંડોળના દુરુપયોગ માટે એક સિસ્ટમનો વિકાસ થયો હતો.

જોકે મનરેગા હેઠળ કેટલું નક્કર માળખાકીય કાર્ય થઈ રહ્યું છે તે અંગે સમયાંતરે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા, પરંતુ તેનો ક્યારેય ઉકેલ આવ્યો ન હતો. તેવી જ રીતે, રોજગારના નામે કેટલા સમય સુધી ખાડા ખોદવામાં આવશે અને ભરવામાં આવશે તે પ્રશ્નનો જવાબ મળ્યો નથી. આવા પ્રશ્નોના જવાબ શોધનારાઓ ઘણીવાર ગરીબોના ઉત્થાન માટેની યોજના પ્રત્યે અસંમતિ વ્યક્ત કરતા હતા. મનરેગામાં કોઈપણ ફેરફાર માટેના સૂચનો ઘણીવાર અવગણવામાં આવતા હતા કારણ કે મહાત્મા ગાંધીનું નામ આ યોજના સાથે જોડાયેલું હતું. તાજેતરમાં, જ્યારે મોદી સરકારે યોજનાનું નામ અને ફોર્મેટ બદલ્યું, ત્યારે એવો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો કે સરકારને ગાંધીજીના નામ પ્રત્યે અણગમો હતો. સ્વાભાવિક રીતે, કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ સૌથી વધુ વિરોધ કર્યો હતો, પરંતુ તેમની પાસે ભ્રષ્ટાચાર વિશેના પ્રશ્નોના કોઈ જવાબ નહોતા. શું એવું શક્ય છે કે રાજ્ય સરકારો મનરેગામાં પ્રવર્તતા ભ્રષ્ટાચારને અવગણી રહી હોય કારણ કે આ યોજના હેઠળ કેન્દ્ર સરકારનું યોગદાન ૯૦ ટકા હતું? સત્ય ગમે તે હોય, એ વાતને અવગણવી ન જોઈએ કે રાજ્ય સરકારો સામાન્ય રીતે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી યોજનાઓના અમલીકરણમાં ગંભીરતાનો અભાવ ધરાવે છે. આવી યોજનાઓ ભ્રષ્ટાચાર માટે પણ વધુ સંવેદનશીલ હોય છે. વિવિધ સરકારી યોજનાઓ હેઠળ કાગળ પર કામ બતાવવું અને પછી ભંડોળનો ઉચાપત કરવો એ આપણા દેશમાં એક ક્રોનિક સમસ્યા છે. દુર્ભાગ્યપૂર્ણ છે કે આ રોગનો ઉકેલ આવતો નથી. જ્યારે કેન્દ્ર સરકારે મનરેગાના નવા સંસ્કરણ, વીબી-જીરામજી હેઠળ ચૂકવણીમાં પારદર્શિતા સાથે મજબૂત પાયાના કાર્ય પર ભાર મૂક્યો છે, ત્યારે રાજ્યોએ પણ ખાતરી કરવી જોઈએ કે આ ખરેખર થાય છે.

## અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલના ૧૪ કેદીઓ આપશે બોર્ડની પરીક્ષાઃ જેલમાં બોર્ડની પરીક્ષાનુ સેન્ટર કરાશે ઉભુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડની પરીક્ષા આગામી ફેબ્રુઆરી મહિનાના છેલ્લા સપ્તાહમાં યોજાવવાની છે. અમદાવાદમાં અંદાજે ૧ લાખ ૮૦ હજાર થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જેની સાથે સાથે અમદાવાદની સાબરમતી સેન્ટ્લ જેલના ૨૪ કેદીઓ પણ બોર્ડની પરીક્ષા આપવાના છે. જે માટે સાબરમતી જેલમાં શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેલમાં પરીક્ષાને લઈને પરીક્ષા નિરીક્ષક અને સુપરવાઈઝરની ટીમો પણ તૈનાત રાખવામાં આવશે. આગામી ફેબ્રુઆરી ૨૦૨૬ ના છેલ્લા અઠવાડીયાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે.




ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં જ રાજયભરમાં પરીક્ષા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યમાંથી અંદાજે ૧ લાખ ૮૦ હજાર થી વધુ વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષા આપશે, જેને લઈને રાજયભરમાં પરીક્ષા સેન્ટરો શિક્ષણ વિભાગ દ્વારા ઉભા કરવામાં આવે છે. તેવી જ રીતે જેલમાં બંધ કેદીઓ પણ બોર્ડની પરીક્ષા આપતા હોય છે. જે માટે વિભાગ દ્વારા અમદાવાદ, રાજકોટ, સુરત અને બરોડાની જેલમાં પરીક્ષા સેન્ટર ઉભા કરવામાં આવે છે. જે અંર્તગત અમદાવાદની સાબરમતી સેન્ટ્લ જેલમાં પણ ચાલુ વરસે પરીક્ષા સેન્ટર ઉભુ કરવામાં આવશે, આ વરસે સેન્ટ્લ જેલમાંથી ૨૪ કેદીઓએ ગુજરાત બોર્ડની પરીક્ષા આપવાની ઈચ્છા વ્યકત કરી છે જેમાં ધો. ૧૦ માં ૧૫ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષા માટે ૯ કેદીઓએ ફોર્મ ભર્યા છે જે માટે જેલમાં પરીક્ષા સેન્ટરની વ્યવસ્થા તો કરાશે જ સાથે પરીક્ષાના દિવસે પરીક્ષા નિરીક્ષક અને સુપરવાઈઝરની ટીમ પણ જેલમાં તૈનાત રહેશે.

મહત્વનુ છે કે જેલમાં પણ બંદીવાન કેદીઓ શાંતિ અને સુમેળભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને તેઓને પરીક્ષા અને જે તે વિષયનુ જ્ઞાન મળી શકે તે માટે તંત્ર દ્વારા શિક્ષકોના તાલીમવર્ગોનુ પણ આયોજન કરવામાં આવે છે અને સાથે સાથે જે તે વિષયની પરીક્ષા હોય તેના પુસ્તકો પણ કેદીઓને આપવામાં આવે છે. આ વરસે પણ અમદાવાદની સેન્ટ્લ જેલ ઉપરાંત રાજકોટ, સુરત અને વડોદરામાં પણ કેદીઓ પરીક્ષા આપશે. જે માટે જે તે જિલ્લામાં જેલ પરીક્ષા સેન્ટર બનાવવામાં આવશે.

## સાબરકાંઠા જિલ્લાના વિજયનગરમાં સગીરા સાથે દુષ્કર્મ બાદ હત્યાના આક્ષેપ સાથે રોષ : ન્યાય માટે ૪ દિવસથી મૃતદેહ ઘરમાં રખાયો



પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના ગ્રામ્ય વિસ્તારમાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરાઈ હોવાના આક્ષેપ સામે ૪ દિવસથી પરીવારે મૃતદેહ નો અગ્નિ સંસ્કાર કરવાનો ઈન્કાર કરી આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની જીદ અડગ રાખી છે. જિલ્લાના વિજયનગર તાલુકાના એક ગામની સગીર વયની દિકરી સાથે ગામના જ ઈસમ દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાના પરીવારે આક્ષેપ કર્યા છે. ગામના ઈસમે સગીરાને પોતાની હવસનો શિકાર બનાવી દુષ્કર્મ બાદ તેની કરૂણ રીતે હત્યા કરાઈ હોવાના આક્ષેપ સાથે ૪ દિવસથી સગીરાના મૃતદેહના અગ્નિસંસ્કાર કર્યા વિના ઘરે રાખવામાં આવ્યો છે. સગીરાના સ્વજનોના સ્પષ્ટ આક્ષેપ છે કે અમારી દિકરીની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યુ છે અને બાદમાં તેની હત્યા કરવામાં આવી છે. એટલે અમે પોલીસમાં રજુઆત કરી છે પરંતુ કોઈપણ પ્રકારની ફરીયાદ દાખલ કરવામાં આવતી નથી. જયાં સુધી ફરીયાદ દાખલ કરવામાં નહી આવે તેમજ આરોપી સામે કડક કાર્યવાહી કરવામાં નહી આવે ત્યાં સુધી પરીવારજનો અગ્નિસંસ્કાર કરવા માટે પરીવાર સહમત નથી. ૪ દિવસ અગાઉ રાત્રીના દરમિયાન બનેલી આ કરૂણ હત્યાની ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે. હાલના તબકકે પરીવારે ૪ દિવસથી સગીરાના મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાને બદલે પીએમ કાર્યવાહી કરાવ્યા બાદ પોતાના ઘરે રાખવામાં આવ્યો છે. આ સાથે જ પોલીસ તંત્ર દ્વારા પણ મૃતદેહના અગ્નિ સંસ્કાર કરવામાં આવે તે પ્રકારની સમજાવટના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જો કે પરીવારે જીદ મકકમ રાખી સતત ચોથા દિવસે પણ મૃતદેહને અગ્નિસંસ્કાર કરવાને બદલે તેને ઘરમાં ચડોતરૂ પ્રથા સ્વરૂપે મુકી રાખ્યો છે. જો કે ગઈ કાલે મોડી રાતે પોલીસે ઘટનાને જોતા એડી તેમજ ફરીયાદ પણ દાખલ કરી દેવામાં આવી હતી. તેમ છતાં પરીવાર અને સામાજિક આગેવાનો સાથે બેઠકો ચાલી રહી છે. પોલીસ તંત્ર સમગ્ર મામલે હવે નિવેડો લાવવા માટે પ્રયત્ન કરી રહ્યુ છે. એટલે કહી શકાય કે અંતરીયાળ વિસ્તારમાં ચડોતરૂ પ્રથા આજે પણ સ્થાનિક સહિત રાજય સરકાર માટે પડકારરૂપ બની રહી છે.

## રાજયમાં એલઆરડીમાં સ્થળ પસંદગી માટે અરજી પ્રક્રિયા શરૂ: તા.૮ જાન્યુ.થી ૧૨ જાન્યુ. સુધી અરજી કરી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (જીપીઆરબી) દ્વારા લેવામાં આવેલી ભરતી ક્રમાંક નંબર જીપીઆરબી / ૨૦૨૩-૨૪/૧ લોક રક્ષક કેડરમાં કુલ ૧૧૮૯૯ ઉમેદવારોને ગઈ ૨૩ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.



આ તમામ ઉમેદવારોને તેમના મનપસંદ સ્થળે પોસ્ટીંગ મળે તે માટે ભરતી બોર્ડ દ્વારા શહેર / જિલ્લાની પસંદગી માટેની અરજીઓ મંગાવવામાં આવી રહી છે. જીપીઆરબીની જીપીઆરબી / ૨૦૨૩-૨૪/૧ ભરતીમાં બિન હથિયારી લોક રક્ષક કેડરમાં કુલ ૮૭૮૨ પુરુષ અને ૩૧૧૭ મહિલા ઉમેદવારો પસંદગી પામ્યા છે. આ તમામ ઉમેદવારોને શહેર / જિલ્લા ફાળવણી માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી રહી છે. જેમાં સ્થળ પસંદગી માટે તારીખ ૮ જાન્યુઆરી થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી અરજી કરી શકશે. જીપીઆરબી મુજબ સ્થળ પસંદગી માટે ઉમેદવારોએ ૨ શહેર અને ૩ જિલ્લા એમ કુલ ૫ વિકલ્પ પસંદ કરવાના રહેશે. આ માટે ઓજસની સત્તાવાર વેબસાઈટ **ojas.gujarat.gov.in** પરથી અરજી કરી શકાશે.

## આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર સ્ટેશનથી મેટ્રો રેલને આપશે લીલીઝંડી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર પધારી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રવિવારના રોજ મહાત્મા મંદિર સ્ટેશનથી મેટ્રો રેલ ને લીલીઝંડી આપશે. તેમની સાથે મહેમાન તરીકે પધારેલા જર્મન ચાન્સેલર પણ ઉપસ્થિત રહેશે. તાજેતરમાં જ મેટ્રો રેલ ફેઝ ૨ નુ કામ પૂર્ણ થયુ છે. વડાપ્રધાનની લીલીઝંડી બાદ મેટ્રો રેલ છેક અમદાવાદ થી ગાંધીનગરના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી દોડશે. હાલ મેટ્રો રેલ સચિવાલય સ્ટેશન સુધી આવે છે. જયારે ત્યાંથી અક્ષરધામ, જુના સચિવાલય, સેકટર ૧૬, સેકટર ૨૪ અને મહાત્મા મંદિર સ્ટેશનનુ કામ ચાલતુ હોય આ સ્ટેશનોને મેટ્રોનો લાભ મળતો ન હતો. જો કે બાકી રહેલા આ સ્ટેશનોના કામ પૂર્ણ થયા છે. રૂટ પર મેટ્રો ટ્રેન દોડાવવા માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. તાજેતરમાં જ મેટ્રોના ઉચ્ચ



અધિકારીઓએ બાકી રહેલા રૂટ પર ટ્રાયલ રન પણ યોજી હતી. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તારીખ ૧૧ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર પધારવાના હોય તેમના હસ્તે મેટ્રો રેલ ને લીલીઝંડી આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન આજે રવિવારે સાંજે મહાત્મા મંદિર સ્ટેશન ખાતેથી મેટ્રો રેલને લીલીઝંડી આપશે. આ સાથે જ ગાંધીનગર થી છેક અમદાવાદ ના અંતિમ સ્ટેશનો સુધી લોકોને મેટ્રો રેલનો લાભ મળશે. અત્યાર સુધી સચિવાલય સુધી દોડતી મેટ્રો રેલ આ સાથે જ મહાત્મા મંદિર સુધી દોડશે. વચ્ચે આવતા સ્ટેશનોને આ નિમિત્તે શણગારવામાં આવી રહ્યા છે.

### સુરત પોલીસને એક મોટી સફળતા મળી

## વોન્ટેડ કુખ્યાત ઈરાની ગેંગનો સૂત્રધાર રાજુ ઈરાની ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત પોલીસને એક મોટી સફળતા મળી છે. સુરત પોલીસ દ્વારા કુખ્યાત ઈરાની ગેંગના સરદાર રાજુ ઈરાનીને ઝડપી લેવામાં આવ્યો છે. આ ધરપકડ એક ગંભીર ગુનાહિત પ્રવૃત્તિના સંદર્ભમાં કરવામાં આવી છે. પોલીસ સૂત્રો અનુસાર રાજુ ઈરાની લાંબા સમયથી સુરક્ષા એજન્સીઓની નજરમાં હતો. તેની શોધખોળ અનેક રાજ્યોની પોલીસ દ્વારા કરવામાં આવી રહી હતી. રાજુ ઈરાની સામે સમગ્ર દેશમાં ૨૦ કરતાં વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેમાં લૂંટ, ખંડણી, બિનકાયદેસર હથિયારોની હેરાફેરી, ધમકી અને ગુનાહિત કાવતરાં સહિતના અનેક ગુનાઓનો સમાવેશ થાય છે. સુરત પોલીસ દ્વારા તેની ધરપકડ બાદ પૂછપરછ દરમિયાન અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે. ધરપકડ બાદ સુરત પોલીસે રાજુ ઈરાનીના રિમાન્ડ મંજૂર કરાવી તેની પૂછપરછ શરૂ કરી છે. તપાસ એજન્સીઓ તેની મદદ કરનાર વ્યક્તિઓ, સહયોગીઓ અને ફંડિંગના સ્ત્રોતો વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. સાથે સાથે પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે ગેંગ દેશના કયા રાજ્યોમાં સક્રિય હતી અને કયા પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી હતી.

સૂત્રો અનુસાર ઈરાની ગેંગનું નેટવર્ક દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલું છે. રાજુ ઈરાની પર સંગઠિત રીતે ગેંગ ચલાવવાનો અને યુવાનોને ગેંગમાં સામેલ કરવાનો આરોપ છે. પોલીસને આશંકા છે કે પૂછપરછ દરમિયાન ફરાર આરોપીઓ તેમજ ગેંગના અન્ય મોટા માથાઓ સુધી પહોંચવામાં મદદ મળશે. આ ઉપરાંત ગેંગ કોની છત્રછાયા હેઠળ ચાલતી હતી અને તેના સહયોગીઓ કોણ હતા તે સહિતના અનેક પાસાઓનો પણ ખુલાસો થવાની સંભાવના છે.

### દક્ષિણ ગુજરાતના વાહનચાલકો માટે રાહતના સમાચાર

## પુનગામથી કીમ સુધીનો એક્સપ્રેસવે સત્તાવાર રીતે ખુલ્લો મુકાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચ-સુરત જતાં વાહન ચાલકો માટે રાહતના સમાચાર મળી રહ્યા છે. દિલ્હીથી મુંબઈને જોડતા એક્સપ્રેસવે પર નેશનલ હાઈવે ઓથટોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા અંકલેશ્વરના પુનગામથી સુરતના કીમ સુધીનો એક્સપ્રેસ વે સત્તાવાર રીતે ખુલ્લો મુકાયો છે. હાલ એક જ તરફની લેનમાં બન્ને તરફનો વાહનવ્યવહાર શરૂ કરાયો છે. આ એક્સપ્રેસ વે શરૂ થવાથી ભરૂચ જિલ્લાના દહેગામથી સુરતના કીમ-બારડોલી સુધી વાહનોચાલકોની સફર સુગમ બનશે. ૮ લેન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે આડેના અંતરાયો જેમ જેમ દૂર થઈ રહ્યા છે એમ એમ કામમાં પ્રગતિ આવી રહી છે. આ પ્રોજેક્ટના ૧૩૮૦ કિમીમાંથી ૪૧૩ કિમીનો ભાગ ગુજરાતમાં છે. જેમાં ભરૂચમાં પેકેજ-૪ હેઠળ ૧૩ કિમીના હિસ્સામાં અંકલેશ્વરના પુનગામ નજીક ખેડૂતોના પ્રશ્નોના કારણે એક્સપ્રેસ હાઈવેની કામગીરી અટકી પડી હતી. જો કે સમયાંતરે આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા પુનગામથી કીમ સુધીનો માર્ગ સત્તાવાર રીતે શરૂ કરવામાં આવ્યો છે. જેથી સર્જાતી ટ્રાફિકજામની સ્થિતિ અને લોકોને પડતી તકલીફ મહદંશે કાબૂમાં આવશે. અત્યાર સુધી ભરૂચથી સુરત તરફ જતા વાહનચાલકો એક્સપ્રેસ હાઈવેનો ઉપયોગ કરી અંકલેશ્વરના પુનગામ સુધી આવી એક્ઝિટનો ઉપયોગ કરી અંકલેશ્વર- હાંસોટ-ઓલપાડને જોડતા સ્ટેટ હાઈવેનો ઉપયોગ કરતા હતા જો કે પુનગામથી કીમ વચ્ચેનો માર્ગ પણ શરૂ થઈ જતા હવે વાહનચાલકો સીધા કીમ સુધી જઈ શકશે.

## સરકારી કોલેજોમાં બદલીઓ માટે રાજકીય દબાણ કરનારાઓ સામે શિસ્તભંગના લેવાશે પગલા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના શિક્ષણ વિભાગે એક કડક પરીપત્ર જારી કરીને સરકારી કોલેજોના શિક્ષણ અને બિન શિક્ષણ કર્મચારીઓને રાજકીય પ્રભાવ કે બાહ્ય દબાણનો ઉપયોગ કરીને બદલીઓ ન કરવા ચેતવણી આપી છે. અધિકારીઓએ સ્પષ્ટ કહ્યુ છે કે કોઈપણ કર્મચારી આવી પ્રથાઓ અપનાવશે તો તેને ગુજરાત રાજય સેવા (આચાર) નિયમો ૧૯૭૧ હેઠળ શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરવો પડશે.



શિક્ષણ વિભાગ હેઠળની સરકારી કોલેજોમાં કામ કરતા પ્રોફેસરો અને કર્મચારીઓની બદલીઓ સમયાંતરે કરવામાં આવે છે. સામાન્ય રીતે દર ૩ વરસે એકવાર બદલીઓ કરવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક વરસોમાં અનેક ફરીયાદો બહાર આવી છે. જેમાં આરોપ મુકવામાં આવ્યો છે કે કેટલાક કર્મચારીઓએ યોગ્ય સત્તાવાર પ્રતિનિધિત્વ દ્વારા નહી પરંતુ રાજકીય જોડાણો, પ્રભાવશાળી વ્યકિતઓ અથવા બિન સરકારી મધ્યસ્થીઓનો ઉપયોગ કરીને બદલીઓ અટકાવવાનો અથવા સુરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો છે. વિભાગના જણાવ્યા અનુસાર આવી પ્રથાઓ વહિવટી નિર્ણય લેવામાં વિલંબ તરફ દોરી જાય છે અને સરકારી કચેરીઓના કાર્ય માં વિક્ષેપ પાડે છે. સરકારે આ વલણને રોકવા માટે ૨૦૦૫ માં એક ઠરાવ બહાર પાડયો હતો. પરંતુ આ હોવા છતાં અનુચિત દબાણના કિસ્સાઓ ચાલુ રહ્યા જેને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે હવે સ્પષ્ટ માર્ગદર્શિકાનો પુનરોચ્ચાર કર્યો છે. નવા પરીપત્ર મુજબ ટ્રાન્સફર વિનંતીઓ સહિતની તમામ સેવા સંબંધીત રજુઆતો, યોગ્ય વ્યાજબીતા અને સહાયક દસ્તાવેજો સાથે સંબંધીત કચેરીના વડા દ્વારા સબમીટ કરવી આવશ્યક છે. સક્ષમ અધિકારીના અભિપ્રાય અને નિર્ણય પછી જ આવા પ્રાસ્તાઓ શિક્ષણ વિભાગને મોકલવા જોઈએ. પરીપત્રમાં જણાવાયુ છે કે જો કોઈ અધિકારી કે કર્મચારી સત્તાવાર માધ્યમોને બાયપાસ કરીને ચોકકસ જગ્યાએ ટ્રાન્સફર માગે છે અને તેના બદલે સંસદના સભ્યો, વિધાનસભાના સભ્યો અથવા અન્ય કોઈ રાજકીય કે બિન સરકારી વ્યકિતના પ્રભાવનો ઉપયોગ કરે છે. તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આવા વર્તનને ગુજરાત રાજય સેવા (આચાર) નિયમો, ૧૯૭૧ ના નિયમો (૩) અને ૨૩ નુ ઉલ્લંઘન કરવામાં આવશે. જો સંબંધીત કર્મચારી પાસેથી માંગવામાં આવેલ સ્પષ્ટતા અસંતોષકારક જણાશે તો નિયમ ૬ હેઠળ શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરી દેવાય, વધુમાં આવા વર્તન હેઠળ પ્રતિકુળ ટીપ્પણીઓ કર્મચારીના ગુપ્ત અહેવાલ (સીઆર) મા નોંધવામાં આવશે. દરમિયાન કેટલાક પ્રોફેસરોએ પરીપત્રનુ સ્વાગત કર્યુ હતું. પરંતુ નિર્દેશ કર્યો હતો કે પ્રભાવશાળી સ્ટાફ સભ્યો મજબુત સંબંધોને કારણે વરસો સુધી તે જ કોલેજોમાં પોસ્ટ કરવામાં સફળ રહ્યા હતા. તેમણે સરકારને વિનંતી કરી હતી કે ટ્રાન્સફર નીતિઓનો એકસમાન અને પારદર્શક અમલ સુનિશ્ચિત કરે જેથી સિસ્ટમ બધા માટે ન્યાયી અને અસરકારક બને તો નવાઈ નહી.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૦/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૧૭૪ | ૧,૦૩૫.૦૦ | ૧,૮૨૩.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૮૫.૦૦ | ૧,૨૯૫.૦૦ |
| ૩ | ઘઉ | ૧૯૦ | ૪૬૭.૦૦ | ૫૫૨.૦૦ |
| ૪ | બાજરી | 3 | ૪૪૦.૦૦ | ૪૪૬.૦૦ |
| ૫ | અડદ | ૪ | ૧,૧૫૦.૦૦ | ૧,૨૬૧.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | 3,000.00 |
| ૮ | કપાસ | ૬૨ | ૧,૫૬૧.૦૦ | ૧,૫૯૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


### પશ્ચિમ રેલ્વે - રતલમ વિભાગ

ઈ-ટેન્ડરિંગ સૂચના

નં. W/623/5/1/NIT તારીખ 09.01.2026

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી વેબસાઇટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ખુલ્લા ટેન્ડર* આમંત્રિત કરે છે જેની વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજે કિંમત રૂ. | બાનાની રકમ રૂ. |
|---|---|---|---|
| 1 | RTM-2025-26-178<br>રતલામ વિભાગ -(સંયુક્ત - સિવિલ + ઇલેક્ટ્રિકલ): - નીચે મુજબ વિવિધ કાર્યોનું અમલીકરણ (1) ઉજ્જૈન - પ્લેટફોર્મના કેન્દ્રમાં સ્થિત PF01 અને PF08 ની વચ્ચે લિફ્ટ સાથે રેમ્પ સાથે કવર સાથે 12 મીટર પહોળા FOB ની જોગવાઈ (સિંહસ્થ 2028). (2) પવાસા સ્ટેશન - 03 રેમ્પ લેન્ડિંગ સાથે 06 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજ પૂરો પાડવો (સિંહસ્થ 2028) | 30,10,39,156.80 | 16,55,200.00 |
| 2 | RTM-2025-26-171<br>લક્ષ્મીબાઈ નગર - 18 નં. ના બદલે પ્રકાર II ક્વાર્ટર (સંયુક્ત - સિવિલ+ઇલેક્ટ્રિકલ) અબોન્ડેડ ક્વાર્ટર નં. 16,22 | 3,81,52,711.44 | 3,40,800.00 |

બધા ટેન્ડર માટે અંદાજિત જથ્થો: ટેન્ડર શેડ્યૂલ મુજબ. પૂર્ણતા સમયગાળો: ક્રમ નં. 1 અને 2 - 12 મહિના; સમાન પ્રકારનું કામ: ક્રમ નં. 1 - ટેન્ડર શેડ્યૂલ ક્રમ નં. 2 માં બંધાયેલા ખાસ ટેકનિકલ માપદંડો મુજબ - કોઈપણ મકાન કાર્યનું બાંધકામ ક્રમ નં. 1 અને 2માટે વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 09.01.2026 ક્રમ નં. 1 અને ૨ માટે ટેન્ડર ખોલવાની તારીખ: 02.02.2026. વિગતવાર ટેન્ડર સૂચના, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

Apex/5/1/398 DRM (W/A) રતલામ વિભાગ, પશ્ચિમ રેલવે

અમને લાઇક કરો: facebook.com/WesternRly



નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com



નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions






# કચ્છ અને સૌરાષ્ટ્ર
## 11 અને 12 જાન્યુઆરી, 2026
## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- સિરામિક્સ
- MSMEs
- એન્જિનિયરિંગ
- સ્ટાર્ટઅપ્સ
- મિનરલ્સ
- પેટ્રોકેમિકલ્સ
- મત્સ્યોદ્યોગ
- ટેક્સટાઇલ
- પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ
- કૌશલ્ય વિકાસ
- પ્રવાસન અને સંસ્કૃતિ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ
- મશીનરી અને ઈક્વિપમેન્ટ
- બ્લૂ ઈકોનોમી

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પેનલ ચર્ચાઓ
- સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
- B2B / B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ
- ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- પ્રાદેશિક MSME કૉન્કલેવ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ટ્રેડ શો/પ્રદર્શન
- રિવર્સ બાયર-સેલર મીટિંગ
- ઉદ્યમી મેળો
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- સમાપન સત્ર

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન
11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી

ભવ્ય ઉદ્ઘાટન
માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્ર મોદી**ના
વરદ્હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ભાગીદાર દેશ: Japan, Rwanda, South Korea, Ukraine

લાઈવ પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat | vibrantgujarat | vibrantgujarat | vibrant_gujarat | vibrantgujarat

વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર સંસ્થાઓ: icbc Indo Canadian Business Chamber | JETRO Japan External Trade Organization | US-India Strategic Partnership Forum | U.S.-India Business Council | The World Bank IBRD • IDA | World Bank Group | ACMA | IACC Indo-American Chamber of Commerce | UIBC | kotra Korea Trade-Investment Promotion Agency | FEBI | AMCHAM India




"વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે, મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે."

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

**11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ**

**સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા**

**સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન**

**મહાભિષેક | મહાઆરતી**

**સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ**



